*આ ચોપાનિયાનું સર્જન તમને સ્કૂલ કમ્યુનિટી કાઉન્સિલ (શાળા સમુદાય પરિષદ) વિશેની માહિતી આપવા માટે કરવામાં આવ્યું છે.*

**ડરહૅમ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ તમારી સ્કૂલ કમ્યુનિટી કાઉન્સિલના સભ્ય બનવા માટેનું વિચારવા માટે તમને પ્રોત્સાહિત કરે છે.**

**વિદ્યાર્થીના ભણતરમાં સુધારો કરવા માટે સાથે કામ કરવામાં તમારી ભાગીદારી અનિવાર્ય છે.**

## પૅરેન્ટ ઈનવોલ્વમેન્ટ કમિટી એ શું છે?

પૅરેન્ટ ઈનવોલ્વમેન્ટ કમિટી એક એવી પ્રાદેશિક સમિતિ છે કે જે એસ.સી.સી.ઝને સાધનસંપત્તિ અને વ્યાવસાયિક વિકાસ પૂરો પાડી તેઓને ટેકો પૂરો પાડે છે. સમિતિ ડરહૅમ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડમાં સર્વત્ર આવેલ એસ.સી.સી.ઝમાંથી મા–બાપ પ્રતિનિધિઓ, ટ્રસ્ટીઓ, સમુદાયનાં સભ્યો, શાળા અને બોર્ડ કર્મચારી–વર્ગની બનેલી છે.

## શું તમે તમારી સ્કૂલ કમ્યુનિટી કાઉન્સિલના સભ્ય બનવાનું વિચારી રહ્યા છો?

**વધુ માહિતી માટે, તમારી શાળાનાં આચાર્યને ટેલિફોન કરો અથવા એસ.સી.સી.ઝ માટે જવાબદાર શિક્ષણ અધીક્ષકનો સંપર્ક સાધો.**
**(905) 666 - 5500**

**પૅરેન્ટ રિસોર્સની વેબસાઈટ્સ:**

**www.durham.edu.on.ca**
(પહેલાં પૅરેન્ટ રિસોર્સિઝ અને પછી સ્કૂલ કમ્યુનિટી કાઉન્સિલને પસંદ કરો)
**www.edu.gov.on.ca**
**www.edu.gov.on.ca/abc123**
**www.eqao.com**
**www.ontarioparentcouncil.org**

DURHAM SCHOOL COMMUNITY COUNCILS

*ડરહૅમ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ પૅરેન્ટ ઈનવોલ્વમેન્ટ કમિટિ ને આભાર*

# School Community Councils

*— Parents Supporting School Success —*

DURHAM DISTRICT SCHOOL BOARD

*Quality Education Today for Tomorrow*



**આપના બાળકની શાળામાં સામેલ થવા માટેનો એક મહત્ત્વનો માર્ગ.**

# સ્કૂલ કમ્યુનિટી કાઉન્સિલ્સ વિશે તમારે કદાચ પ્રશ્નો હોય તો

## સ્કૂલ કમ્યુનિટી કાઉન્સિલ એ શું છે?

સ્કૂલ કમ્યુનિટી કાઉન્સિલ (જે એસ.સી.સી. તરીકે ઓળખાય છે) એ એવા રસ ધરાવતા મા–બાપો, શાળાનો કર્મચારી–વર્ગ અને સમુદાયનાં સભ્યોનું એક જૂથ છે, કે જે શાળાનાં વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે આચાર્ય સાથે કામ કરે છે.

## એસ.સી.સી. શું કરે છે?

શાળા સાથે સંબંધિત તમામ બાબતો પર શાળાના આચાર્યને સલાહ આપી એસ.સી.સી.ઝ વિદ્યાર્થીની પ્રાપ્તિને ટેકો આપે છે. શાળાની વિશિષ્ટ બાબતોનાં અનુસંધાને એસ.સી.સી.ઝ મા–બાપ સમુદાયને માહિતી પહોંચાડે છે. (દાખલા તરીકે, આરોગ્યપ્રદ અલ્પાહારનાં કાર્યક્રમો)

## શું મારી શાળા પાસે એસ.સી.સી. છે?

હા, ઑન્ટેરિઓમાં જાહેર ભંડોળ પૂરું પડાતી દરેકેદરેક શાળા પાસે એસ.સી.સી. હોય છે.

## એસ.સી.સી.ની બેઠક કેટલીક વારંવારતાએ મળે છે?

એસ.સી.સી.ઝની બેઠક ઓછામાં ઓછી ચાર વાર દરેક શાળાકીય વર્ષે મળે છે, પરંતુ ઘણી બેઠકો વધુ વારંવાર મળતી હોય છે.

## શું હું મારી એસ.સી.સી.ની બેઠકોમાં જઈ શકું છું?

હા, તમામ બેઠકો જાહેર જનતા માટે ખુલ્લી છે, પરંતુ મત આપવા માટે તમારે એસ.સી.સી.ના સભ્ય હોવું જરૂરી છે. તમારા એસ.સી.સી. માટેની હવે પછીની બેઠકની તારીખ માટે તમારા આચાર્યને ફોન કરો.

## હું મારા એસ.સી.સી.નો / એસ.સી.સી.ની સભ્ય કેવી રીતે બની શકું?

નામનિર્દેશન પત્રકને પૂર્ણ કરો અને શાળાના શરૂઆતના વર્ષે આચાર્યને પરત કરો. જો જરૂરી જણાય, તો મા–બાપનાં સભ્યો માટેની ચૂંટણીઓ શાળાનાં પ્રથમ મહિના દરમિયાન આયોજિત કરવામાં આવશે.



## જો હું એસ.સી.સી.નો / એસ.સી.સી.ની સભ્ય બનું તો મારે શું–શું કરવું જોઈએ?

વર્ષ દરમિયાન તમામ એસ.સી.સી. બેઠકોમાં હાજરી આપવા માટે અને એસ.સી.સી. દ્વારા સંચાલિત થઈ રહેલ નિર્ણય લેવામાં ભાગ લેવા માટે તમારે આયોજન કરવું જોઈએ. વધુમાં ઘણી એસ.સી.સી.ઝ શાળા અને એસ.સી.સી.ની પહેલને ટેકો આપવા માટે ભંડોળ ઊભું કરતી હોય છે.

## મારા બાળકની શાળા સ્થિત એસ.સી.સી.માં મારા સમાવેશીકરણથી મને શું–શું પ્રાપ્ત થાય છે?

શાળામાં શું ચાલી રહ્યું છે એ બાબાતે એસ.સી.સી.નાં સભ્યો માહિતગાર રહેતા રહે છે. શાળાની બાબતોમાં આચાર્યને સલાહ આપવામાં પણ સભ્યોનું મંતવ્ય લેખવામાં આવે છે. આચાર્યોનો એસ.સી.સી. સાથે સંપર્ક ચાલુ જ રહે છે.

## શું એસ.સી.સી.ઝ. શાળાઓમાં ખરેખર મહત્ત્વની બની શકે છે ખરી?

એસ.સી.સી.એ કાર્યક્રમોનું સંગઠન કર્યું છે અને ટેકો પૂરો પાડ્યો છે, જેમ કે:

- ☐ કૌટુંબિક અક્ષરજ્ઞાન અને મૅથ નાઈટ્સ
- ☐ ગૃહ વાંચનનાં કાર્યક્રમો
- ☐ નાસ્તો અને આરોગ્યપ્રદ અલ્પાહારનાં કાર્યક્રમો
- ☐ ભંડોળ–સ્થાપનાની પરિયોજનાઓ

એસ.સી.સી. આચાર્ય અને બોર્ડને અનેકવિધ મુદ્દાઓ પર સલાહ આપી શકે જેમાં સામેલ છે:

- ☐ વિદ્યાર્થી ની પ્રાપ્તિ
- ☐ વિદ્યાર્થી માટેની આચારસંહિતા
- ☐ બોર્ડની એવી નીતિઓ કે જે વિદ્યાર્થીઓને અસર કરતી હોય (દાખલા તરીકે, રમત–ગમતની સામગ્રી)
- ☐ ભંડોળ–સ્થાપનાનાં નફાઓને કેવી રીતે ખર્ચવા

